**શ્રી એન.એ.ઈજનેર, પ્રમુખ અધિકારી, મજુર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ**
**રીવ્યુ અરજી નં.૭/૨૦૨૧**
**(ઈન રેફરન્સ એલ.સી.એ.૬૨૨/૨૦૧૮)**

ઈસ્ટ ઈન્ડીયા એલીવેટર્સ,
ઠે. ૧૦૪, સીલ્વરઓકસ કોમ્પલેક્ષ,
મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ. ... **પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

શ્રીકૃષ્ણ ધનુમાળી,
૭, શુભકામના સોસાયટી,
વેજલપુરા, અમદાવાદ. ... **બીજા પક્ષકાર**

અરજદાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી એસ.બી.મિશ્રા.
સામાવાળા તરફે : કોઈ હાજર નથી.

**:: આંક–૧ હેઠળ હુકમ ::**

(૧) આ કામના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરુધ્ધ નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કર્યાનો વિવાદ રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮ થી ઉપસ્થિત કરેલ હતો જેમાં બંને પક્ષકારો વચ્ચે રાજીખુશીથી સમાધાન થતા મુળ રેફરન્સ (એલ.સી.એ.)નં.૬૨૨/૨૦૧૮માં સમાધાન પુરસીશ રજુ કરી કામ તા.૧૦–૭–૨૦૨૧ ની લોકઅદાલતમાં મુકવામાં આવેલ હતુ. ઉપર જણાવેલ વિનંતી ધ્યાને લઈ નામદાર લેબર કોર્ટે મુળ રેફરન્સ (એલ.સી.એ.) નં. ૬૨૨/૨૦૧૮ નો આખરી હુકમ તા.૧૦–૭–૨૦૨૧ ની લોકઅદાલતમાં પસાર કરેલ પરંતુ આ મુળ રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮ ના હુકમમાં ભુલથી ટાઈપ મીસ્ટીકથી રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮ ની જગ્યાએ મુળ રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૮૨/૨૦૧૮ લખાઈ ગયેલ છે જેથી અરજદાર તરફે સદરહુ ટાઈપ મીસ્ટીકની ભુલ સુધારવા સારુ આ અરજી કરવાની ફરજ પડેલ છે. સદરહુ રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮નુ કામ તા. ૧૦–૭–૨૦૨૧ની લોકઅદાલતમાં ફેંસલ થઈ ગયેલ છે જેથી હુકમમાં રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮ ની જગ્યાએ રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૮૨/૨૦૧૮ લખાઈ ગયેલ છે તે અંગે સુધારા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૨)** સદર કામે બીજા પક્ષકાર તરફે અરજી રજુ થતાં નામદાર કોર્ટે તેમના વિધ્વાન પ્રતિનિધિશ્રીને સાંભળ્યા. તેઓએ રજુઆત કરેલ છે કે રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮ ના કામમાં બંને પક્ષકારો વચ્ચે રાજીખુશીથી સમાધાન થતાં સમાધાન પુરસીશ રજુ કરી સદર કામ તા.૧૦–૭–૨૦૨૧ ની લોકઅદાલતમાં મુકવામાં આવેલ હતુ અને તે કામ લોકઅદાલતમાં ફેંસલ કરવામાં આવેલ અને જેનો એવોર્ડ પ્રસિધ્ધ થવા મજુર કમિશ્નરશ્રી, અમદાવાદને મોકલવામાં આવેલ. એવોર્ડ પ્રસિધ્ધ થઈને આવ્યા બાદ હુકમમાં રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮ ના બદલે રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૮૨/૨૦૧૮ ટાઈપ થયેલાનુ જણાતા બીજા પક્ષકાર તરફે સુધારાહુકમ કરવા અરજી આપેલ છે. સદરહુ સુધારાહુકમ કરવો યોગ્ય અને ન્યાયી જણાતુ હોય નીચે મુજબ સુધારાહુકમ કરવામાં આવે છે.

**: સુધારા હુકમ :**

તા.૧૦–૭–૨૦૨૧ ના રોજની લોકઅદાલતમાં ફેસલ થયેલ રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૨૨/૨૦૧૮ ના કેસમાં ''**રેફરન્સ (એલ.સી.એ.) ૬૨૨/૨૦૧૮ બદલે રેફરન્સ (એલ.સી.એ.) નં.૬૮૨/૨૦૧૮ ભુલથી ટાઈપ થયેલ હોય તેને રેફરન્સ (એલ.સી.એ.) ૬૨૨/૨૦૧૮ વાંચવુ**'' એવો સુધારા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૯–૧૨–૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૯–૧૨–૨૦૨૧

(નિલેશ અશોકભાઈ ઈજનેર)
CODE-GJ00484
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.૧, અમદાવાદ.

R.C.GOHEL, PA.